## *વૃક્ષારોપણ*



સાત વરસની સ્વાતિ અને નવ વરસનો નવલ. બેઉ ભાઈ બહેન. તેમના ઘર આંગણે ખુલ્લું મેદાન. એકાદ વરસાદ થઈ ગયો હતો. માટીની મીઠી સુવાસ ચારેબાજુ ફેલાતી હતી. સ્વાતિએ નવલને કહ્યું, “ભૈયા, આપણે બારમાસીનો છોડ વાવીશું ?” આ સાંભળીને નવલ તો ખુશ ખુશ. “ચાલો ચાલો, માટીની મહેંક જતી રહે તે પહેલાં વાવી દઈએ.”

બન્ને ઘરના સ્ટોરરૂમમાં ગયાં. નવલે કુહાડી લીધી. ત્યાં તો કુહાડી બહેન બોલ્યા, “કાં, નવલભાઈ શું કાપવું છે?” નવલ : કાપવું નથી ખોદવું છે.

કુહાડી : તો આ મારી બહેન કોદાળીને લઈ જાઓ.

નવલે કુહાડી મૂકી કોદાળી લીધી. ત્યાં તો કોદાળીની નાની દીકરી ખૂરપી બોલી, “નવલ, માની સાથે મારે પણ આવવું પડશે. મા તો થોડુંક ખોદી શકે છે. નાનો ઊંડો ખાડો કરવા મારી જરૂર પડશે.” નવલે ખૂરપી લીધી ત્યાં તો પાવડાભાઈ બોલ્યા, “સ્વાતિબહેન, માટી ખસેડવા મારી જરૂર પડશે.મને પણ સાથે લઈ લો.” સ્વાતિએ પાવડો લીધો. ત્યાં તો ખૂણામાં પડેલું એક નાનકડું પડીકું બોલ્યું, “સ્વાતિબહેન, હું તમને ખૂબ જ કામ આવીશ. મને પણ સાથે લો.” સ્વાતિએ પડીકું લઈ લીધું. સ્વાતિ અને નવલ હવે ઘર બહારના મેદાનમાં આવી ગયાં.

નવલે પાવડો ઊંચકી જમીન પર ઘા કર્યો......

“અરે, અરે, નવલ, આ કામ તો કોદાળી બહેનનું છે. તે તને ખાડો કરી આપશે.”

નવલે કોદાળીથી ખાડો તો કર્યો પણ માટી ખાડામાં સરકતી હતી ત્યાં હસતાં હસતાં પાવડો બોલ્યો, “ભાઈ, હવે મારું કામ. આ માટીને પકડીને હું દૂર ફેંકીશ.” નવલે પાવડો લીધો અને માટીને બાજુમાં ખસેડી. ત્યાં તો ખૂરપીબહેન માટીના ઢગલા પરથી રગડયાં. “સ્વાતિબહેન મારો ઉપયોગ કરો. હું તમને ઊંડો ખાડો કરી આપીશ.”

અને સ્વાતિએ ખૂરપીથી ઊંડો ખાડો કરી દીધો.

ત્યાં તો પેલું પડીકું ઊછળ્યું, અને ખુલ્લું થઈ ગયું.

પડીકું બોલ્યું, “સ્વાતિબહેન, હું ખાતર છું. મને પહેલાં ખાડામાં જવા દો.” અને સ્વાતિએ ખાતર ખાડામાં નાંખ્યું. બીજી બાજુ બારમાસીનો છોડ પ્લાસ્ટિકની કોથળીમાં ઊંચો નીચો થતો હતો. નવલભાઈનું તે તરફ ધ્યાન ગયું. કોથળી બોલી, “નવલ, મને સાચવીને ખેંચી લે. જોજે આ છોડને મેં જીવની જેમ

સાચવ્યો છે. તેનાં મૂળિયાંની આજુબાજુની માટી વેરવિખેર ન થઈ જાય. જો મૂળિયાં બહાર નીકળી જશે તો મારી મહેનત પાણીમાં !"

નવલે સાચવીને કોથળીમાંથી માટીનો પિંડો છોડ સાથે કાઢી લીધો.

બારમાસી બોલી, "હવે કોની રાહ જુએ છે, નવલ ? ખાડામાં મને મૂકીને હળવે હાથથી ઉપરથી દબાવી જો જે. મારું એક પણ મૂળિયું બહાર ન રહે."

નવલ બોલ્યો, "પછી શું કરું ?"

બારમાસી, "પછી પેલી ખોદી કાઢેલી માટીથી આ ખાડો પૂરી દે અને ધીમેથી દબાવી દે. મારે પાણી પીવા જોઈશે એટલે આખો ખાડો પૂરી ન દેતો. થોડોક બાકી રાખજે અને તેમાં પાણી ભરી દે જે."

બારમાસીની સૂચના મુજબ નવલે કર્યું. ત્યાં સુધીમાં સ્વાતિબહેને કોદાળી, ખૂરપી અને પાવડો જે માટીવાળાં થયાં હતાં તે પાણીથી ધોઈ નાંખ્યાં. બારમાસીને પાણી પાયું.

બન્ને જણ બારમાસીનાં લીલાંલીલાં પાંદડાં તરફ જોઈ ખુશ થઈ ગયાં. પવનની લહેરખીઓથી બારમાસી પણ નાચવા લાગી. ત્યાં સ્વાતિને પ્રશ્ન થયો....

"હેં બારમાસી, તને સફેદ ફૂલ આવશે કે પર્પલ રંગનાં ?" બારમાસી બોલી, "બહેન. સફેદ ફૂલ આવશે. ગમશે ને?"

"કેમ ન ગમે ? અને મારા પપ્પા કહેતા હતા કે તમારો તો દવામાં પણ ઉપયોગ થાય છે." સ્વાતિએ કહ્યું.

બારમાસી બોલી, "બહેન, એ વાત ખરી છે પણ તમે બીજો કોઈ ફૂલછોડ કેમ પસંદ ન કર્યો ?"

સ્વાતિ : તમારા છોડની ખાસિયત છે. તમે અમને બારે માસ ફૂલ આપશો જે અમે ભગવાનને અર્પણ કરીશું. બીજા ફૂલછોડની તો ચોક્કસ ઋતુ હોય છે. તે ઋતુમાં જ તેઓ ફૂલ આપે. પછી ફૂલ વગર અમે કેવી રીતે ભગવાનની પૂજા કરીએ ?"

નવલ : અમે તમને ઊનાળામાં દરરોજ અને શિયાળામાં એક દિવસ છોડી બીજા દિવસે પાણી પાઈશું. તમારી સારી તંદુરસ્તી માટે મહિને ખાતર પણ આપીશું. ખુશ ? બારમાસી : બહુ જ ખુશ. હવે જો જો કેટલાં બધાં તમને ફૂલ મળે છે.

બાલ મિત્રો,

તમે જાણો છો ? શ્રી માતાજીએ બારમાસીનું નામ આપ્યું છે **"પ્રગતિ"**

**– અનંત શુકલ**